RTE પ્રવેશ/ફી માહિતી

જા.નં/પ્રાથમિક/RTE/પ્રવેશ/૨૦૨૨-૨૩/ 19913-14

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
એ/૩,જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઇન્સ,સુરત
તા.૧૪.૧૦.૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત મહાનગરપાલિકા વિસ્તારની બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ,
( RTE ફી /સહાયની માહિતી રજુ કરવાની બાકી હોય તેવી શાળાઓ તરફ)

વિષયઃ- RTE હેઠળ વર્ષ-૨૦૧૫-૧૬ થી વર્ષ-૨૦૨૨-૨૩ સુધી RTE હેઠળ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની ફી અંગેની માહિતી બાકી હોય તેવી શાળાઓની માહિતી મોકલી આપવા બાબત.
સંદર્ભઃ-આ કચેરીનાં પત્રાંકઃપ્રાથમિક/પ્રવેશ/૨૦૨૨/૧૯૪૭૭ તા.૦૪.૧૦.૨૦૨૨

જય ભારત સહ ઉપરોકત વિષય અને સંદર્ભ-૧ અન્વયે જણાવવાનું કે, RTE હેઠળ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ-૨૦૦૯ અને તે હેઠળ રચાયેલ નિયમો-૨૦૧૨ ની જોગવાઇઓ હેઠળ વર્ષઃ-૨૦૧૫-૧૬ થી વર્ષ-૨૦૨૨-૨૩ ના વર્ષમાં ધોરણ-૧ માં પ્રવેશ આપવામાં આવેલ છે તેવા વિદ્યાર્થીઓની ફી ની વિગત વર્ષવાર નિયત કરેલ નમૂનાનાં પત્રક-૧માં વિગતો ભરી તેની હાર્ડ કોપી અને સોફટ કોપીમાં તા.૧૧.૧૦.૨૦૨૨ અને તા.૧૨.૧૦.૨૦૨૨ના રોજ ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઇસ્કુલ, નાનપુરા, સુરત ખાતે રજુ કરવા જણાવવામાં આવેલ.

તેમ છતાં કેટલીક શાળાઓએ ફીની માહિતી સમયસર અત્રે રજુ કરેલ નથી તેવુ ધ્યાને આવેલ છે. આવી શાળાઓએ શાળાનાં આચાર્યનાં ખુલાસા સહિત તા.૧૭.૧૦.૨૦૨૨ સોમવારનાં રોજ ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઇસ્કુલ, નાનપુરા, સુરત ખાતે સવારે ૧૧.૩૦ કલાકથી બપોરે ૦૨:૩૦ કલાક સુધીમાં અચૂક રજૂ કરવાની રહેશે. જે શાળાઓ ફી ની વિગતો સમયસર નહી મોકલવામાં આવે અને જે-તે વર્ષની ફી બાકી રહેશે અને ફી બાબતે જે કાંઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી શાળા સંચાલક મંડળ/આચાર્યની રહેશે. જેની નોંધ લેવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

નકલ રવાનાઃ-
આચાર્યશ્રી,
ટી. એન્ડ ટી. વી. સાર્વજનિક હાઇસ્કુલ, નાનપુરા, સુરત
૨/- જાણ તથા જરૂરી વ્યવસ્થા કરવા સારૂ...